Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/
E-JOURNAL (HISTORY)
SINCE 2019

# અમદાવાદના મહિલા સ્થાપત્યો અને તેનો ઇતિહાસ

**Mr. Parashkumar Hiralal Gohel,**
PhD Scholar in History

Gujarat Vidyapith, Ahmedabad
Nr. Income Tax Office, Ashram Rd,
Ahmedabad, Gujarat 380014
Email ID: malviya.rocky64@gmail.com

**સારાંશ**

પ્રસ્તુત પેપરમાં અમદાવાદ શહેરના ઇસ્લામિક સ્થાપત્યોની વાત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં ઇન્ડો-ઇસ્લામિક સ્થાપત્યોનું નિર્માણ બેનમૂન અને અદભૂત કોતરણીવાળું છે. તેના લીધે જ અમદાવાદના સ્થાપત્યોનો ઈતિહાસ ગૌરવપૂર્ણ અને વિરલ છે. બે વિરોધી તત્વોને એક કરી સુંદર અને અદભૂત સ્થાપત્ય ઉત્પન્ન કરવા માટે જેમ હિન્દુસ્તાન વખણાય છે તેમ હિન્દુસ્તાનમાં અમદાવાદ પણ અનેરૂ સ્થાન ધરાવે છે. અમદાવાદના સ્થાપત્યોની ખાસ વિશેષતાઓ તો તેની કોતરણીમાં જ જોવા મળે છે. જેમ કે સીદી સઈદની જાળી જેને એક જ પથ્થરમાંથી બનાવી બારીકાઇથી તેમાં કોતરણી કરવામાં આવેલ છે જે તેની ખાસ વિશેષતા છે. આ ઉપરાંત અમદાવાદમાં ઘણા એવા મહિલા ઇસ્લામિક સ્થાપત્યો આવેલા છે જે તેની અમુક વિશેષતાઓને લીધે પ્રસિદ્ધ છે. ઉ.દા. રાણી સિપ્રીની મસ્જીદ જે તેની કલાકારીગરી અને તેની સુંદરતા માટે પ્રસિદ્ધ છે એટલે તેને 'મસ્જીદ-એ-નગીના' તરીકે ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત, બીબીજી કી મસ્જીદ, રાણી રૂપમતીની મસ્જીદ, રાણીનો હજીરો, બાઈ હરીરની મસ્જીદ અને વાવ વગેરે અનેક સ્થાપત્યો તેની કેટલીક લાક્ષણીકતાઓને લીધે પ્રસિદ્ધ છે જેની વિસ્તૃત માહિતી પેપરમાં આપવામાં આવેલી છે.

## પ્રસ્તાવના

અમદાવાદના સ્થાપત્યોનો ઇતિહાસ ગૌરવપૂર્ણ અને વિરલ છે. ખ્યાતનામ લેખક સદગદ્ રત્નમણીરાવ ભીમરાવ જોટે અમદાવાદની વિકાસગાથા ગુજરાતનું પાટનગર અમદાવાદ મહાગ્રંથમાં આલેખી છે. એ અમદાવાદના શિલ્પ સ્થાપત્યની ઝાંખી કરાવે છે. વિશ્વમાં પ્રસિધ્ધ થયેલ તેમના લઘુ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ગ્રંથ “અમદાવાદના સ્થાપત્યના” લાક્ષણિકતાઓનું બારીકાઈથી વિશ્લેષણ કરી આ નગરના મુસ્લિમ અને હિંદુ સ્થાપત્યોનું સુંદર અને આબેહૂબ વર્ણન કર્યું છે.

“શાહઆલમ સરખેજની શોભા શી રીતે વર્ણનાય રે
અસલી ઈમારત હુન્નર આગળ ઈજનેરી લજવાય રે.”

-નવલરામ

દરેક લખાણ જેમ કવિતા નથી તેમ દરેક બાંધકામ સ્થાપત્ય નથી. અલંકારની વિપુલતા માત્રથી જ જેમ કાવ્યને સારું કહી નથી શકાતું તેમ એ કારણથી સ્થાપત્યને ઉત્તમ માની શકાતું નથી. ગુણવાળા દોષ વગરના શબ્દાર્થને કાવ્ય કહી શકાય પછી એમાં વારંવાર અલંકાર હોય કે ન હોય એવી જ રીતે દોષ વગરના ગુણવાળા બાંધકામને સ્થાપત્ય કહી શકાય.

“Arcસitecture i tસe pringting pre of all age and give સં tor૪ of tસe tate of societ૪ in wસicસ it wa errected”

-Morgan

બે કેવળ વિરોધી તત્વોને એક કરી સુંદર અને અદભૂત સ્થાપત્ય ઉત્પન્ન કરવા માટે જેમ હિન્દુસ્તાનમાં તેમજ દુનિયામાં પણ અનેરું સ્થાન ભોગવે છે. તેમ અમદાવાદના સ્થાપત્યોની કેટલીક વિશેષતાઓ છે. એ વિશેષતાઓ હિંદના બીજા હિંદુ તથા મુસલમાન સ્થાપત્યમાં નથી. અમદાવાદના સ્થાપત્યને લગતી કલામાં પણ વિશેષતાઓ છે. આ બધી વિશેષતોઓને લીધે સ્થાપત્ય અને કળા ઉપર પાંચ સૈકાના કાળનો કરાળ હાથ લાગ્યા છતાંય અમદાવાદનું સ્થાપત્ય સૌંદર્યના રસિકોનું આજે પણ ધ્યાન ખેંચે છે.

## અમદાવાદના મહિલા સ્થાપત્યો અને તેનો ઇતિહાસ

### ૧. રાણી રૂપમતીની મસ્જિદ

રાણી રૂપમતીની મસ્જિદ સર્વગુણવાળી કહી શકાય. અમદાવાદમાં મીરજાપુરના રસ્તે આ સુંદર મસ્જિદ આવેલી છે. મસ્જિદની સાધારણ બાંધણી પ્રમાણે એનું ભોંયતળિયું કરેલું છે. એનું માપ બહારથી ૧૦૩=૪૬ ફીટ છે. મોટા ઘુમ્મટનો અષ્ટકોણનો વ્યાસ ૧૯ ફીટ છે. આ મસ્જિદમાં અલંકાર ખૂબ જ વપરાયા છે .અને એની ગોઠવણી પણ ઉત્તમ કરેલી છે. જેનાથી એમાં હંમેશા સફાઈ લાગે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

રંગની અસર આ મસ્જિદમાં સૌથી સારી છે. અને ગંભીરતા પણ બરાબર જળવાઈ રહે છે. ફર્ગ્યુસનના માનવા પ્રમાણે હિંદુ અને મુસ્લિમ સ્થાપત્યનો મેળ આ મસ્જિદમાં એવો તો સારી રીતે બેઠો છે કે બહુ જ અનુભવવાળી આંખ હોય તો જ એને બધા પારખી શકે છે. એના વચલા થાંભલાની કુંભીઓ ખાસ જોવા જેવી છે. સુશોભનની દ્રષ્ટિએ આ મસ્જિદ સુંદર મસ્જિદોમાંની એક છે. એના તૂટેલા મિનારા આજે અસ્તિત્વમાં હોત તો એની સમગ્ર સપ્રમાણતા અને નજાકતનો ખ્યાલ આવી શક્યો હોત. આયોજનની દ્રષ્ટીએ માપ અને કદની પરસ્પર સંવાદિતા ખૂબ જ સારી જોવા મળે છે. સુશોભનનું પ્રમાણ રૂપયોજના અને રચનાનો આકાર સાથે સંવાદીતાપૂર્ણ સંબંધ આવી મસ્જિદમાં ખૂબ જ નીરખી શકાયો છે. અહીં પ્રકાશને ઉપરથી લાવવાની વ્યવસ્થા છે. અહીં મૂકેલા ઝરૂખા મસ્જિદના ધન અને ઋણના આયોજનથી અસાધારણ કલાત્મક્તાનો ખયાલ આપે છે. ઘુમ્મટનો અંદરનો ભાગ પણ સુંદર રીતે સુગ્રંથિત સુશોભનયુક્ત છે. આવી અસરકારક સૌંદર્યસર્જનની કાળજી બીજે ઓછી જોવા મળે છે.

**૨. રાણી સિપ્રીની મસ્જિદ**

આસ્ટોડિયા દરવાજે આ નાની પણ અસાધારણ મસ્જિદ આવેલી છે. રાણી સિપ્રીની મસ્જિદમાં લાવણ્ય ઘણું છે. સફાઈ પણ ઉતમ છે. સપ્રમાણતા સુંદર છે પરંતુ ગાંભીર્ય નથી, એમાં કાબુ પણ ઠીક જળવાયો છે. છતાં રાણીની સિપ્રીની મસ્જિદમાં કેવળ હિંદુ આકાર દેખાય છે. આ મસ્જિદ મોહમંદ બેગડાની પત્ની રાણી સિપ્રીની છે. આ મસ્જિદને “મસ્જિદ-એ-નગીના” તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનું બીજું નામ “રાણી અસનીની” મસ્જિદ છે.

સલ્તનત કાળના સ્થાપત્યમાં નજાકત અને ઋજુ સૌંદર્યયુક્ત પ્રમાણસરતા તથા આયોજનની દ્રષ્ટિએ નાનકડી છતા સંપુર્ણ છે. આ મસ્જિદ મુઝફ્ફરશાહ રજાના અમલ વખતે સુલતાન મુહમદ બેગડાના પુત્ર અબુબ્કારખાંની મા રાણી અસનીએ (ઈ.સ.૧૫૧૪)માં બંધાવી હોવાનું એના લેખ પરથી જણાય છે. “સિપ્રી” એનું બીજું નામ હશે. આ મસ્જિદમાં કમાનો નથી પરંતુ એની છતની રચનાની પધ્ધતિ અતિ સુંદર અને અસાધારણ નકશીકામવળી છે. એને છેડે બે મિનારા કરેલા છે. એ શોભાનીય અને નક્કર છે. પરંતુ એની ઊંચાઈની જે પ્રમાણસરતા અને દ્રષ્ટિ સંબંધને અનુરૂપ વિભાજન કરતા વલય મૂકેલા છે. પથ્થરની દીવીનો સુંદર નમૂનો રાણી સિપ્રીની મસ્જિદમાં છે. રસ્તા ઉપર પડતા ઝરૂખામાં ઉતમ નકશીકામ છે. નાનકડી જગ્યામાં ખૂબ જ સુરુચીપૂર્ણ આયોજન કરેલું છે. બંને

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

મિનારાની ઉંચાઈથી શરૂ કરી દ્રષ્ટિ રેખાને એક મિનારાથી બીજા મીનારા સુધી લઈ જતા નીચેના ભાગ જે રીતે એક સમગ્રરૂપ ધારણ કરે છે. તે સ્થાપકીય સૌદર્યની દ્રષ્ટીએ અતિશય મનોરમ્ય લાગે છે. એથી જ એને સુંદરમાં સુંદર મસ્જિદ માનવામાં આવે છે.

**૩. બીબીજી કી મસ્જિદ**

અમદાવાદમાં રાજપુરમાં (ગોમતીપુર) સ્થાપત્યના ઉતમ નમૂનારૂપ તેમજ હાલતા મિનારાનો સુંદર પરિચય કરાવનાર આ મસ્જિદ ઈ.સ.૧૪૫૪ માં કુત્બુદિન સૈયદ ખુદમીર બીન સૈયદ વડા બીન સૈયદ યાકૂબની મા બીબીજી માટે બંધાવી હતી. એમ આ મસ્જિદમાં લેખ છે. અત્યારે આ ગોમતીપુરના મિનારાવાળી મસ્જિદ તરીકે જાણીતી છે. આ મસ્જિદ કદ  અને આયોજન તથા મિનારા રૂપની દ્રષ્ટિએ ખૂબ જ સુંદર છે. દક્ષિણ બાજુનો મિનારો વીજળી પડવાથી તૂટી ગયો હોય એવું મનાય છે. અહીં એક મિનારો હાલે છે એની પ્રતીતિ થાય છે અને એક ને હલાવતા બીજો મિનારો હાલે એવો ઉલ્લેખ પણ મળે છે. આ મસ્જિદમાં કમાનો ફક્ત સુશોભન પુરતી છે. આને કુત્બુદિનના સમયની સર્વાંગ સુંદર મસ્જિદ ગણી શકાય. અહિયાં મુલાકાખાનું પણ છે.

**૪. રાણીનો હજીરો**

અમદાવાદના માણેકચોકમાં અહમદશાહના રોઝાની સામે આવેલો આ રોઝો એની વિશિષ્ટ પ્રકારની બાંધણી માટે ધ્યાન ખેંચે તેવો છે કારણ કે આ હજીરામાં કબરો રાખવાનો ભાગ ખુલ્લો છે અને વચ્ચેના વિસ્તારને ફરતા ચોરસમાં સુંદર લીવાન પ્રકારનો આચ્છાદિત પ્રદક્ષિણા માર્ગ કરેલો છે. વળી, જમીનના સ્તરથી એ ખાસી ઊંચાઈએ આવેલો છે. એમાં જવા માટે પગથિયાનો આશરો લેવો પડે છે. આ હજીરાના તલચ્છેદની પ્રમાણસરતા નોંધપાત્ર છે. અહીં ૧:૨:૪:૮ પ્રમાણ પ્રયોજાયેલું જોવા મળે છે. એના સ્તંભ સીધા સાદા છે. ખાસ વધારે કોતરણી નથી પરંતુ એના સ્તર ને જાળીઓ સવિશેષ ધ્યાન ખેંચે તેવા છે.

આ હજીરો ૫ ઇંચ ૮૮ મીટર ની બાજુનો ચોરસ ખુલ્લો ઘેરો સંભવત ઈ.સ.૧૪૪૫માં બનાવવામાં આવ્યો હતો. અહીં આંગણામાં અહમદશાહ પ્રથમ અને ગુજરાતના અન્ય સલ્તનત શાસકોની રાણીઓની આઠ આરસ કબરો છે. તેઓ વિસ્તૃત રીતે કોતરવામાં આવ્યા છે. અને મધર-ફ-મોતી (મીના અને ધાતુની ઝડિત) કોતરણી કરેલી છે.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

આ હજીરામાં મુખ્ય કબર મુઘલી બીબી, મહમદશાહ બીજાની પત્ની અને મહમદ બેગડાની માતાની છે. તે સફેદ આરસની છે અને તેની ઉપર ફારસી ભાષામાં લખાણ લખેલું છે. બાજુની કબર કાળા પથ્થરની છે અને તે મીરકી અથવા મુરકીબીબી શાહ-એ-આલમની પત્નીની છે. જે રાણીની બહેન અને સિંધના જામની દીકરી હતી. આ કબરો ઉતમ કોતરણી ધરાવે છે. જે અહમદશાહ પહેલાના સમયમાં પ્રચલિત થઈ હતી. પથ્થરો પરની કારીગરી અને કોતરણી હિંદુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્ય શૈલીની અસરો ધરાવે છે. કબરોની દેખરેખ રાખવા માટે હજીરાની અંદર કેટલાક મુસ્લિમ પરિવારો વસે છે.

**૫. બાઈ હરિરની વાવ**

આ વાવનું બાંધકામ વાવમાં રહેલા ફારસી શિલાલેખ મુજબ સુલ્તાની બાઈ હરિરે ઈ.સ.૧૪૮૫માં કરાવેલું જયારે સંસ્કૃત શિલાલેખ મુજબ આ પાંચ માળની વાવનું બાંધકામ ડીસેમ્બર ૧૪૯૯માં થયેલું છે. મહંમદશાહના શાસનમાં બાઈ હરિર સુલતાની જે સ્થાનિક લોકોમાં દાઈ હરિર તરીકે જાણીતા હતા. તેમને આ વાવનું બાંધકામ કરાવેલું. સુલતાની રાણીવાસમાં મુખ્ય નિરીક્ષક હતી. આ નામ પરથી દાદા હરિરમાં ફેરવાઈ ગયું. દરેક જગ્યાએ સુંદર કોતરણી ધરાવતી આ વાવનું બાંધકામ ૩,૨૯,૦૦૦ મહમૂદીઓ (રૂપિયા ૩ લાખથી વધુ) ના ખર્ચે તે સમયે થયું હતું. વાવમાં કુવાની નીચે જવા માટે સર્પાકાર સીડી આવેલી છે. જે જુદા ઝરૂખાના સ્તર પરથી નીચે જાય છે.

સોલંકી સ્થાપત્ય  શૈલીમાં રેત પથ્થરથી બંધાયેલ દાદા હરિરની વાવ પાંચ માળ ઊંડી છે. તે ઉપરથી નવકોણીય છે, અને અંદરથી મોટી સંખ્યામાં સ્તંભોથી બનેલી છે. દરેક માળમાં લોકો માટે પુરતી જગ્યા રહેલી છે. વિવિધ વર્ષે થતા વરસાદના વધારા ઘટાડા તેમજ ઋતુમાં થતા પાણીના ફેરફાર માટે તે પુરતી ઊંડી ખોદવામાં આવેલી. દરેક માળ પર પૂરતા પ્રમાણમાં હવા અને પ્રકાશ મળી રહે તે રીતે છાપરાઓનું બાંધકામ કરવામાં આવેલુ છે. પ્રથમ માળથી ત્રણ નિસરણીઓ પાણી સુધી તળિયે દોરી જાય છે, જે આ વાવની ખાસ લાક્ષણીકતા છે.

આ વાવ ઉતર દક્ષિણ ધરી પર બંધાયેલી છે. પ્રવેશદ્વાર દક્ષિણ બાજુ છે. ત્રણ નિસરણીઓ દક્ષિણ , પૂર્વ અને પશ્ચિમ દિશાએથી તળિયા સુધી જાય છે. જે ઉતર દિશામાં કૂવા તરફ દોરી જાય છે. વાવની બાંધકામ શૈલી પરંપરાગત આડા અને ઉભા સ્તંભોવાળી ભારતીય છે. કૂવાના તળિયે

જમીન ચોરસ છે,જે નીચેની બાજુ જાય છે. ચોરસ તળિયાની ઉપર સ્તંભો આડા સ્તંભો,દીવાલો અને કમાનો વક્કાર આકારમાં છે, જે છેક ઉપર સુધી જાય છે. કૂવાની ટોચનો ભાગ આકાશમાં સીધો અને ખુલ્લો છે.ચોરસના ચાર ખુણાઓ ૪૫ અંશ ના ખૂણે ગોઠવવામાં આવેલા છે. પથ્થરના સ્તંભો મજબૂત બનાવવામાં આવ્યા છે. ભારતીય સંસ્કૃતિ ધરાવતી ભાતવાળી કોતરણી ઘણી જગ્યાએ આ વાવમાં જોવા મળે છે. મુખ્ય કોતરાણીમાં હાથીનો સમાવેશ થાય છે. આ વાવની જોડે એક સુંદર ફળનો બગીચો તથા મસ્જિદ બંધાવ્યાની પણ વિગત જોવા મળે છે. આ વાવ એક મુસલમાન કારભારી મલિક બીહામદની દેખરખ નીચે હિંદુ સ્થપતિ ગજ્જર એસ સુથાર વીરા તથા સહાયક સુથાર દેવાએ બાંધી હોવાની વિગત જોવા મળે છે. સંસ્કૃત લેખ સામેની સારણીમાં બીજો લેખ જોવા મળે છે. એમાં હી.સં. ૯૦૬ તા.૮ જમાદિઉલ અવ્વલ આપેલી છે. એટલે કે ૩૦ નવેમ્બર ૧૫૦૦ થાય.

❖ <u>સમાપન</u>

આમ, ઉપરોક્ત સ્થાપત્યો જોતા જણાય છે કે, અમદાવાદના મુસ્લિમ સ્થાપત્યો તેની કેટલીક વિશેષતાને લીધે વર્લ્ડ હેરીટેઝ સાઈટમાં સ્થાન પામ્યા છે. આ બધા સ્થાપત્યો જેવી વિશેષતા બીજે ક્યાય પણ જોવા મળતી નથી. જેમ કે ઝૂલતા મિનારા ફક્ત ભારતમાં બે જ જગ્યાએ જોવા મળે છે. તેમાંની એક જગ્યા એ અમદાવાદ છે. આ ઉપરાંત અમદાવાદના સલ્તનતકાલીન સ્થાપત્યમાં ફક્ત સુલતાનો જ નહીં પણ મહિલાઓના સ્થાપત્યો પણ જોવા મળે છે. આ પરથી એમ કહી શકાય કે આ સમયે ફક્ત મુસ્લિમ શાસકો જ નહી તેમની સ્ત્રીઓનું પણ મહત્વ હશે જેના કારણે અમદાવાદ મુસ્લિમ સલ્તનત સ્થાપત્યમાં મહિલા સ્થાપત્યો પણ જોવા મળે છે. આ મહિલા ઇસ્લામિક સ્થાપત્યોની પણ કેટલીક વિશેષતાઓ જોવા મળે છે,જે હાલમાં પણ જોઈ શકાય છે. જેની મુલાકાત લેવા માટે દેશ-વિદેશથી પણ ઘણા પ્રવાસીઓ આવે છે.

# સંદર્ભ ગ્રંથસૂચી

1. અમદાવાદનું સ્થાપત્ય અને એનો ઇતિહાસ અને સામાન્ય રૂપરેખા, રત્નમણીરાવ ભીમરાવ જોટે, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,ખાડિયા ઇતિહાસ સમિતિ, અમદાવાદ. પ્ર.આવૃતિ ૨૦૧૦.

2. ગુજરાતનું પાટનગર અમદાવાદ, રત્નમણીરાવ ભીમરાવ જોટે, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પ્ર.આ. ૧૯૨૯.
3. ગુજરાતના એતિહાસિક લેખો, હરિપ્રસાદ શાસ્ત્રી, પ્ર.આ. ૧૯૭૯.
4. ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઇતિહાસ, સલ્તનત કાલ ગ્રંથ-૫, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ. ૧૯૭૭.
5. અહમદ આબાદનો ઇતિહાસ, કલીમી શહીદ અહમદ જી, એન.બી.એસ.બુક ડીપો, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૭.
6. સ્વાગતમ ગુજરાત, રજની વ્યાસ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ. ૨૦૦૬.


**નોંધ:** દરેક સ્થળની રૂબરૂ મુલાકાત લીધેલ છે અને ત્યાંના સ્થાનિક રહેવાસી સાથે ચર્ચા કરેલ છે.